જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/ - ૧૯૩૪૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા. ૧૪ /૦૯/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ સરકારી ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ માધ્યમિક,ઉ.મા. શાળાઓ તરફ

જિ-સુરત

આ સાથે સામેલ મે, મદદનીશ શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક/ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/૧૬૨૨૯ તા.૦૯/૦૯/૨૦૨૨ અન્વયે આગામી તા.૨૯ સપ્ટેમ્બર થી તા.૧૨ ઓક્ટોબર -૨૦૨૨ દરમિયાન યોજાનાર નેશનલ ગેમ્સ અંગે જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવા અંગે જાણ તથા અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ઈ-મેઈલ/તાત્કાલિક

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૨/૧૬૨૨૮

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. ૯/૦૯/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય :આગામી તા.૨૯ સપ્ટેમ્બર થી તા.૧૨ ઓક્ટોબર ૨૦૨૨ દરમિયાન યોજાનાર 'નેશનલ ગેમ્સ' અંગે જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવા બાબત.

સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: પરચ-૧૨૨૦૨૨-૨૮૮-વ.૨, તા.૯/૯/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આગામી તા.૨૯ સપ્ટેમ્બર થી તા.૧૨ ઓક્ટોબર ૨૦૨૨ દરમિયાન 'નેશનલ ગેમ્સ' યોજાનાર છે. જે અન્વયે તા.૧૨ સપ્ટેમ્બર થી તા.૧૬ સપ્ટેમ્બર ૨૦૨૨ દરમિયાન આ અંગે જાગૃતિ અભિયાન અંતર્ગત સંદર્ભદર્શિત પત્ર સાથે સામેલ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા.૫/૯/૨૦૨૨ ના પરિપત્રમાં જણાવેલ તમામ વિગતો ધ્યાને લઈ વિવિધ કાર્યક્રમો યોજવા અંગે આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ.

મદદનીશ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :-
તારીખ :-
સંખ્યા :
સહી :-

ક્રમાંક:-પરચ-૧૨૨૦૨૨/૨૮૮/વ.૨
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૦૯/૦૯/૨૦૨૨

પ્રતિ,
(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૩) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૫) સચિવશ્રી,માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર નં ૧૦-બી, ગાંધીનગર.

વિષય: "Celebrating Unity through Sports" થીમ હેઠળ તા.૧૨ સપ્ટેમ્બર થી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન આગામી તા.૨૯ સપ્ટેમ્બર થી તા.૧૨ ઓક્ટોબર, ૨૦૨૨ દરમ્યાન યોજાનાર "નેશનલ ગેમ્સ" અંગેની જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના રમતગમત, યુવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા.૦૫/૦૯/૨૦૨૨ના પરિપત્ર ક્રમાંક:-એસએજી/૧૦૨૦૨૨/૧૪૧૫/બની નકલ બિડાણ સહિત આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, "Celebrating Unity through Sports" થીમ હેઠળ તા.૧૨ સપ્ટેમ્બર થી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન આગામી તા.૨૯ સપ્ટેમ્બર થી તા.૧૨ ઓક્ટોબર, ૨૦૨૨ દરમ્યાન યોજાનાર "નેશનલ ગેમ્સ" અંગેની જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવા અંગે પરિપત્રની સૂચના અનુસાર અયોજન થાય તે માટે આપના હસ્તકની તાબાની કચેરીઓને જરૂરી સૂચના આપવા તથા સદર કાર્યક્રમોની માહિતી પરિપત્રની સૂચના અનુસાર ફોટોગ્રાફ સહિત નિયત નમૂનામા અત્રેની જાણ હેઠળ બારોબાર મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સંજય જી.ગરાસીયા)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ: ઉપરમુજબ

Azadi Ka Amrit Mahotsav

"Celebrating Unity through Sports" થીમ હેઠળ તા.૧૨ સપ્ટેમ્બર થી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન આગામી તા.૨૯ સપ્ટેમ્બર થી તા.૧૨ ઓક્ટોબર, ૨૦૨૨ દરમ્યાન યોજાનાર "નેશનલ ગેમ્સ" અંગેની જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવા બાબત.

ગુજરાત સરકાર
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ
પરિપત્ર ક્રમાંક:-એસએજી/૧૦૨૦૨૨/૧૪૧૫/બ
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૯/૨૦૨૨

પરિપત્ર:

રાજ્ય અને કેન્દ્ર સરકારની સંયુકત ભાગીદારીથી તા. ૨૯ સપ્ટેમ્બર થી ૧૨ ઓક્ટોબર, ૨૦૨૨ દરમ્યાન ૩૬મી નેશનલ ગેમ્સ ગુજરાત રાજયમાં યોજાનાર છે, જેમાં, ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં રમતવીરો ૩૬ વિવિધ રમતોની સ્પર્ધામાં ભાગ લેનાર છે. નેશનલ ગેમ્સનાં આયોજન-સંચાલન માટે અંદાજે ૩ થી ૪ વર્ષનો સમય લાગે છે, જ્યારે ગુજરાતે ૭ વર્ષથી ન યોજાયેલ નેશનલ ગેમ્સનું માત્ર ૩ મહિનાથી ઓછા સમયમાં સફળ આયોજન કરવાના પડકારને સ્વીકાર્યો છે. ૩૬મી નેશનલ ગેમ્સ ગુજરાતના ૬ શહેરો જેવા કે, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને ગાંધીનગર ખાતે યોજાનાર છે. આ ઐતિહાસિક રમતોત્સવમાં દેશભરમાંથી ૭૦૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેનાર છે.

આ ૩૬મી નેશનલ ગેમ્સ બાબતે ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવાય તે હેતુથી તથા શાળા, કોલેજ અને યુનિવર્સીટીમાં રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તે માટે રમતગમતની અને પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓ કરી તમામ વિદ્યાર્થીઓ અને અન્યોની વિશાળ ભાગીદારી સાથે આગામી <u>તા.૧૨ સપ્ટેમ્બર થી તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૨</u> દરમ્યાન "Celebrating

Unity through Sports" ના થીમ હેઠળ રાજ્યની તમામ કોલેજ/ યુનિવર્સિટી અને શાળા કક્ષાએ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવાનું રહે છે. આ આયોજનની વિગતો નીચે મુજબ છે.

<u>કાર્યક્રમોના અયોજન અંગેની સામાન્ય વિગતો</u>

- તા.૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ તમામ ૩૩ જિલ્લાઓમાં જિલ્લા મથક ખાતેની નિયત કરેલ કોલેજ/યુનિવર્સિટી ખાતે મુખ્ય કાર્યક્રમનુ આયોજન કરવુ.
- તા.૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજના તમામ ૩૩ કાર્યક્રમમાં માનનીય મંત્રીશ્રીઓ / માનનીય સંસદસભ્યશ્રીઓ ઉપસ્થિત રહેનાર છે. જેને ધ્યાને લઇ આ કાર્યક્રમમાં જિલ્લાકક્ષાના અન્ય પદાધિકારીશ્રીઓ, સ્થાનિક આગેવાનો, વિવિધ સામાજીક સંસ્થાના પ્રતિનિધિઓ, રમતગમત સાથે સંકળાયેલ વિવિધ ક્લબો / મંડળોના પ્રતિનિધિશ્રીઓ, રમતવીરો, વ્યાયામ શિક્ષકો, કોચ વિગેરે તથા જન સમુદાય જોડાય તે જિલ્લા કક્ષાએથી સુનિશ્ચિત કરવુ.
- તા.૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ જિલ્લાના અન્ય ૩ તાલુકા ખાતેની કોલેજ / યુનિવર્સિટી ખાતે કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારિશ્રી અને જિલ્લા પોલિસ વડાશ્રી તથા સંબંધિત તાલુકા કક્ષાના પદાધિકારીશ્રીઓ જેમ કે, માનનીય ધારાસભ્યશ્રી / સંસદસભ્યશ્રી / પ્રમુખશ્રી વિગેરેની ઉપસ્થિતમાં કાર્યક્રમનું આયોજન કરવુ.
- તા.૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ જિલ્લાની બાકી રહેલ તમામ કોલેજ / યુનિવર્સિટી ખાતે જિલ્લા / પ્રાંતના અન્ય સિનિયર અધિકારીશ્રીઓ સ્થાનિક પદાધિકારિશ્રીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમોનુ આયોજન કરવુ.
- તા. ૧૫ અને ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન જિલ્લાની તમામ શાળાઓ ખાતે કાર્યક્રમનુ આયોજન કરવુ.
- ઉક્ત તમામ કાર્યક્રમોમાં જાણીતા ખેલાડીઓ ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરવુ.
- આ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ, રમતવીરો ઉપરાંત સ્થાનિક આગેવાનો, રમતગમત સાથે સંકળાયેલ વિવિધ ક્લબો / મંડળોના પ્રતિનિધિઓ, રમતવીરો અને લોકો મોટી સંખ્યામાં જોડાય અને આ કાર્યક્રમોમાં વિશાળ જન ભાગીદારી સાથે ઉત્સાહપુર્વક ભવ્યરીતે ઉજવાય તે માટે જરૂરી કાર્યવાહી કરવી.

## કાર્યક્રમના સફળ આયોજન માટેની જવાબદારી

- કોલેજ/યુનિવર્સિટી ખાતેના કાર્યક્રમો માટે :

  મહાનગરપાલિકા ધરાવતા જિલ્લા ખાતેના કાર્યક્રમો માટે સબંધિત મહાનગરપાલિકા કમિશનરશ્રી અને અન્ય જિલ્લાઓમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા આગેવાની લઇ આ કાર્યક્રમો સફળતાપૂર્વક અને યોગ્ય જનભાગીદારી સાથે સંપન્ન થાય તે માટે કાર્યવાહી કરાવવી.

- શાળાઓ ખાતેના કાર્યક્રમો માટે :
  - મહાનગરપાલિકા ખાતેના ખાતેની તમામ શાળાઓ ખાતેના કાર્યક્રમો માટે સબંધિત શાસનાધિકારીશ્રી
  - અન્ય શહેરી વિસ્તાર (તમામ નગરપાલિકા વિસ્તાર) ની તમામ શાળાઓ માટેના કાર્યક્રમો માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
  - ગ્રામ્ય વિસ્તારની તમામ શાળાઓ ખાતેના કાર્યક્રમો માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા આગેવાની લઇ તમામ સરકારી, ખાનગી અને અનુદાનિત શાળાઓ ખાતેના કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરાવવી.
- આ કાર્યક્રમો યોગ્ય પ્રોટોકોલ તથા તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, રમતવીરો, સ્થાનિક આગેવાનો તથા જનસમુદાયની યોગ્ય ભાગીદારી સાથે સફળતાપૂર્વક સંપન્ન થાય તે માટે સબંધિત કોલેજ/યુનિવર્સિટી/શાળા દ્વારા જરૂરી તમામ વ્યવસ્થા અને કામગીરી કરવાની રહેશે.

## કાર્યક્રમના સફળ આયોજન માટે કામગીરીની સુચિત વહેંચણી

(અ) સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

- રાજ્યની કોલેજ/ યુનિવર્સિટી ખાતે યોજાનાર કાર્યક્રમોમાં માન.મંત્રીશ્રીઓ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહે તે માટેની જરૂરી કાર્યવાહી કરવી.
- ૩૬મી નેશનલ ગેમ્સના હોર્ડીંગ્સ, બેનર્સ અને બેકડ્રોપની ડિઝાઇન તૈયાર કરવી.
- ૩૬મી નેશનલ ગેમ્સ, ૨૦૨૨ અંગેની નોંધ તૈયાર કરવી.
- શાળા/ કોલેજ/ યુનિવર્સિટીના કાર્યક્રમોના ફોટોગ્રાફસ સહિતની વિગતો અપલોડ કરવા માટે પોર્ટલ તૈયાર કરાવવુ.
- કોલેજ/ યુનિવર્સિટી ખાતે યોજાનાર ઇવેન્ટસની વિગતો સાથે કાર્યક્રમોનો સોશ્યલ મીડીયા પર પ્રચાર-પ્રસાર કરવો.

* તા. ૧૨ મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજના ૩૩ જિલ્લાઓ ખાતેના મુખ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર સ્પોર્ટસપર્સનની વિગતો તૈયાર કરવી.

(બ) કોલેજ / યુનિવર્સિટી અને શાળા મેનેજમેન્ટ

* વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓને નેશનલ ગેમ્સ બાબતે વિવિધ પ્રવચનના માધ્યમથી માહિતગાર કરવા.
* માસ્કોટ અને નેશનલ ગેમ્સ એન્થેમ નું પ્રદર્શન કરી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જગાડવો.
* શિક્ષક દિવસ ના વિશેષ અવસર પર શિક્ષકો અને કોચની આગવી ભુમિકાને બિરદાવવી.
* વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓને "ફીટ ઇન્ડીયા" ના શપથ લેવડાવવા.
* માનનીય મંત્રીશ્રીઓ ની મુંલાકાત દરમ્યાન યોગ્ય પ્રોટોકોલ અનુસાર કાર્યક્રમનું આયોજન કરવુ.
* કોલેજ / યુનિવર્સિટી કેમ્પસમાં ઉપલબ્ધ માળખાકીય સુવિધા અનુસાર સ્પર્ધાઓનું આયોજન કરવું.
* કાર્યક્રમની ઉજવણી બાદ કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની વિગતો, કાર્યક્રમમાં હાજર રહેલ મહાનુભાવોની વિગતો, ફોટોગ્રાફ્સ વિગેરેની વિગતો ને પોર્ટલ પર અપલોડ કરવી.
* નેશનલ ગેમ્સ પૂર્ણ ન થાય ત્યાં સુધી નેશનલ ગેમ્સનો પ્રચાર-પ્રસાર કરવો. (ઓકટોબર અંત સુધી)

(ક) જિલ્લા વહીવટી તંત્ર

* જિલ્લાની તમામ કોલેજો / યુનિવર્સિટીઓ અને તમામ શાળાઓ ખાતે જનભાગીદારી સાથે ભવ્ય રીતે કાર્યક્રમ યોજાય તે સુનિશ્ચિત કરવું.
* તા. ૧૨ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૨ દરમ્યાન જિલ્લામાં વિવિધ જગ્યાએ યોજવાના થતા કાર્યક્રમના સ્થળ, કાર્યક્રમની રૂપરેખા, મીનીટ ટુ મીનીટ, મહાનુભાવોને આમંત્રણ, કાર્યક્રમમાં સંબંધિત લોકોને જોડવા માટે સંકલન, અધિકારીશ્રીઓની સ્થળ મુલાકાત, પ્રચાર-પ્રસાર વિગેરે માટે કાર્યયોજના તૈયાર કરવી.
* તમામ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઇ, વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવી.
* કોલેજ / યુનિવર્સિટી કક્ષાના કાર્યક્રમોમાં માનનીય ધારાસભ્યશ્રીઓ, માનનીય સંસદ સભ્યશ્રીઓ, સ્થાનિક પદાધિકારીશ્રીઓ અને અન્ય સ્થાનિક આગેવાનો જોડાય તે રીતે સંકલન કરવું.

* ગ્રામ્ય કક્ષાએ શાળાઓ ખાતેના કાર્યક્રમમાં પંચાયતના સરપંચશ્રી અને સ્થાનિક આગેવાનોને સામેલ કરવા.
* જિલ્લા, પ્રાંત અને તાલુકા કક્ષાના વર્ગ-૧ અને વર્ગ-૨ના તમામ અધિકારીશ્રીઓ સક્રીય રીતે તા. ૧૫ અને ૧૬ ના રોજ શાળા પ્રવેશોત્સવની જેમ શાળાઓ ખાતેના આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરવુ.
* તમામ સ્થળોએ "નેશનલ ગેમ્સ" નો પ્રચાર-પ્રસાર કરવો.
* તમામ મહાનુભાવોના પ્રોટોકોલ મુજબ માનમરતબો જળવાય તે સુનિશ્ચિત કરવુ.

**<u>કાર્યક્રમના દિવસ માટેની સુચિત રૂપરેખા</u>**

**<u>કોલેજ / યુનિવર્સિટી કક્ષાએ યોજાનાર કાર્યક્રમ માટેની રૂપરેખા</u>**

**દિવસ-૧, તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૨**

**સ્થળ : દરેક જિલ્લામાં ૧ કોલેજ / યુનિવર્સિટી (કુલ ૩૩ કાર્યક્રમ)**

| સમય | વિગત |
|---|---|
| ૦૫ મીનીટસ | મહાનુભાવોનું સ્વાગત |
| ૦૫ મીનીટસ | કોલેજ પ્રિન્સિપાલ/ ડાયરેકટર / વાઇસ ચાન્સેલર દ્વારા ૩૬મી નેશનલ ગેમ્સ અંગેનું પ્રવચન<br><br>શિક્ષક અને કોચની આગવી ભુમીકાને બિરદાવવી |
| ૧૦ મીનીટસ | મહાનુભાવોનું ઉદ્દબોધન (માન.મંત્રીશ્રી/ માન. સંસદસભ્યશ્રી / માન. ધારાસભ્યશ્રી) |
| ૧૫ મીનીટસ | • ૩૬ મી નેશનલ ગેમ્સ એન્થમ<br>• મેસ્કોટ પ્રેઝન્ટેશન<br>• ફીટ ઇન્ડીયા ઓથ* |
| ૩૦ મીનીટસ | રમતગમતની પ્રવૃત્તિઓ |
| ૦૫ મીનીટસ | આભાર વિધી |

દિવસ-૨, તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૨

સ્થળ : દરેક જિલ્લામાં ૩ તાલુકાનો સમાવેશ (કોલેજ / યુનિવર્સિટી) (કુલ ૯૯ કાર્યક્રમ)

| સમય | વિગત |
|---|---|
| ૦૫ મીનીટસ | મહાનુભાવોનું સ્વાગત |
| ૦૫ મીનીટસ | કોલેજ પ્રિન્સિપાલ / ડાયરેકટર / વાઇસ ચાન્સેલર દ્વારા ૩૬મી નેશનલ ગેમ્સ અંગેનું પ્રવચન<br>શિક્ષક અને કોચની આગવી ભુમીકાને બિરદાવવી |
| ૧૦ મીનીટસ | મહાનુભાવોનું ઉદ્દબોધન (કલેકટર/ ડી.ડી.ઓ./ એસ.પી./ ચુંટાયેલા પદાધિકારીશ્રી) |
| ૧૫ મીનીટસ | • ૩૬ મી નેશનલ ગેમ્સ એન્થમ<br>• મેસ્કોટ પ્રેઝન્ટેશન<br>• ફીટ ઇન્ડીયા ઓથ* |
| ૩૦ મીનીટસ | રમતગમતની પ્રવૃત્તિઓ |
| ૦૫ મીનીટસ | આભાર વિધી |

દિવસ-૩, તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૨

સ્થળ : દરેક જિલ્લામાં બાકી રહેતી કોલેજો / યુનિવર્સિટીઓ ખાતે કાર્યક્રમ

| સમય | વિગત |
|---|---|
| ૦૫ મીનીટસ | મહાનુભાવોનું સ્વાગત |
| ૦૫ મીનીટસ | કોલેજ પ્રિન્સિપાલ / ડાયરેકટર / વાઇસ ચાન્સેલર દ્વારા ૩૬મી નેશનલ ગેમ્સ અંગેનું પ્રવચન<br>શિક્ષક અને કોચની આગવી ભુમીકાને બિરદાવવી |

| | |
|---|---|
| ૧૦ મીનીટસ | મહાનુભાવોનું ઉદ્બોધન (એસ.ડી.એમ./ ડી.એસ.પી./ ડી.ઇ.ઓ./ ડી.પી.ઓ./ ડી.વાય.ડી.ઓ./ અન્ય સિનિયર અધિકરિશ્રી / ચુંટાયેલા પદાધિકારીશ્રી) |
| ૧૫ મીનીટસ | • ૩૬ મી નેશનલ ગેમ્સ એન્થમ<br>• મેસ્કોટ પ્રેઝન્ટેશન<br>• ફીટ ઇન્ડીયા ઓથ* |
| ૩૦ મીનીટસ | રમતગમતની પ્રવૃત્તિઓ |
| ૦૫ મીનીટસ | આભાર વિધી |

દિવસ-૦૪ અને ૦૫, તા. ૧૫ અને ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૨

સ્થળ : તમામ શાળાઓ, જેમાં ડી.એલ.એસ.એસ., ઇનસ્કૂલ શાળાઓનો સમાવેશ

| સમય | વિગત |
|---|---|
| ૩૦ મીનીટસ | સવારનું પ્રવચન<br>• શાળાના આચાર્ય/ સ્પોર્ટસ ડાયરેક્ટર/ કોર્ડીનેટર દ્વારા ૩૬મી નેશનલ ગેમ્સ અંગેનું પ્રવચન<br>• ફીટ ઇન્ડીયા ઓથ* |
| ૧૦ મીનીટસ | સરપંચ / સ્થાનિક આગેવાન દ્વારા પ્રવચન |
| ૬૦ મીનીટસ | રમતગમતની પ્રવૃત્તિઓ (ધોરણ ૧ થી ૮)<br>ઇન્ટર કલાસ સ્પર્ધાઓનું આયોજન |
| ૬૦ મીનીટસ | રમતગમતની પ્રવૃત્તિઓ (ધોરણ ૯ થી ૧૨)<br>ઇન્ટર કલાસ સ્પર્ધાઓનું આયોજન |

| | |
|---|---|
| ૩૦ મીનીટસ | ઇનામ વિતરણ |
| ૦૫ મીનીટસ | આભાર વિધી |

- <u>ફીટ ઇન્ડીયા ઓથ :</u> હું પ્રતિજ્ઞા કરુ છુ કે, હુ દરરોજ વ્યાયામ, ખેલકુદ, શારીરિક પ્રવુતિઓ માટે સમય કાઢી તંદુરસ્ત રહિશ અને મારા પરિવાર તથા પાડોશીઓને તંદુરસ્ત રહેવા માટે પ્રોત્સાહિત કરી "ફિટ ઇન્ડીયા" ને જનઆંદોલન બનાવીશ.
- રમતગમતની પ્રવુતિઓ મહાનિભાવોની વિદાય બાદ પણ ચાલુ રાખવી. કે જેથી ઓછામાં ઓછી ૫ (પાંચ) (૨ રિક્રેએશનલ રમતો સાથે) પ્રચલિત ભારતીય રમતોની સ્પર્ધાઓનુ આયોજન થઇ શકે.

<u>કાર્યક્રમો દરમ્યાન યોજવાની રમતોની સુચિત વિગતો</u>

(૧) કોલેજો અને યુનિવર્સીટીઓ ખાતે (તા. ૧૨ થી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૨)

| રીક્રિએશનલ રમતો | પ્રચલિત ભારતીય રમતો |
|---|---|
| ➢ કબડ્ડી | ➢ એથ્લેટીક્સ |
| ➢ ચેસ | ➢ ખો-ખો |
| ➢ રસ્સાખેંચ | ➢ કોલેજમાં ઉપલબ્ધ રમત ગમતની સુવિધા મુજબ અન્ય રમતો |

(૨) પ્રાથમિક શાળાઓ ખાતે : ધોરણ-૧ થી ૮ (તા.૧૫ અને ૧૬, સપ્ટેમ્બર, ૨૦૨૨)

| રીક્રિએશનલ રમતો | પ્રચલિત ભારતીય રમતો |
|---|---|
| ➢ ત્રિપગી દોડ | ➢ યોગાસન |
| ➢ કોથળા દોડ (૩૦ મીટર) | ➢ કબડ્ડી |
| ➢ સ્ટેંડિંગ બ્રોડ જમ્પ | ➢ ૫૦ મીટર દોડ |
| ➢ રસ્સાખેંચ | ➢ ખો-ખો |

(૩) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાતે : ધોરણ-૯ થી ૧૨ (તા.૧૫ અને ૧૬, સપ્ટેમ્બર, ૨૦૨૨)

| રીક્રિએશનલ રમતો | પ્રચલિત ભારતીય રમતો |
|---|---|
| ➢ લેગ ક્રિકેટ | ➢ એથ્લેટીક્સ |
| ➢ મ્યુઝીકલ ચેર | ➢ ખો-ખો, કબડ્ડી |
| ➢ રસ્સાખેંચ | ➢ શાળામાં ઉપલબ્ધ રમત ગમતની સુવિધા મુજબ અન્ય રમતો |
| ➢ ચેસ | -- |

ઉપલબ્ધ મેદાન અને સાધનોની વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને ઉક્ત રમતો પૈકીની ઓછામાં ઓછી ૨ (બે) રિક્રિએશનલ રમતો તથા બાકીની પ્રચલિત ભારતીય રમતોની સ્પર્ધાઓનું આયોજન કરવુ.

ઉપરોક્ત કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન કરી તે અંગેનો અહેવાલ પોર્ટલ પર અપલોડ કરવો તથા જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી દ્વારા નીચે મુજબના નમુનામાં kmksupport@gujarat.gov.in પર મોકલી આપવાનો રહેશે.

| તાલુકાનું નામ | કાર્યક્રમોની સંખ્યા | | ભાગ લેનાર ખેલાડીઓની સંખ્યા | | | આયોજન કરેલ રમતોના નામ |
|---|---|---|---|---|---|---|
| | શાળાઓ | કોલેજ / યુનિવર્સિટી | ભાઇઓ | બહેનો | કુલ | |

આ કાર્યક્રમોની વિગતોની માહિતી અંગેના પ્રેઝન્ટેશનની વિગતો પત્રક-૧ મુજબ છે.

(આર. એચ. દંતણીયા)
નાયબ સચિવ (ર.ગ.)
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પ્રતિ,

(૧) માનનીય રાજ્ય કક્ષા મંત્રીશ્રી(રમતગમત)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨/૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૫) સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૬) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૮) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૯) સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય.

(૧૧) સર્વે કલેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય.

(૧૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય.

(૧૩) સર્વે વાઇસ ચાન્સેલરશ્રી, યુનીવર્સીટી, ગુજરાત રાજ્ય.

(૧૪) સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય.

(૧૫) સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય.

(૧૬) સર્વે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય.

(૧૭) સર્વે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય.

(૧૮) સર્વે જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય.

(૧૯) સિલેક્ટ ફાઈલ.